



# તમે નાકને કદી સુપર કમ્પ્યુટર તરીકે જોયું છે?

–ગુણવન્ત શાહ

અગ્નીની શોધ થઈ પછીની સૌથી મહાન શોધ કમ્પ્યુટરની શોધ ગણાય. આ બન્ને શોધની વચ્ચે આદરપુર્વક મુકવી પડે તેવી શોધ એટલે ચક્રની શોધ. કાકાસાહેબ કાલેલકરે તો ચક્રની શોધ કરનારા એ અજાણ્યા જણને 'ચક્રઋષી' ગણાવેલો. તમે રોજ ખેતરે, ફેક્ટરીએ કે ઓફીસે જાવ ત્યારે સાયકલ, સ્કુટર કે કારમાં નથી જતા. તમે રોજ ચક્ર પર આરુઢ થઈને કાકા, મામા, ભાઈ, બહેન કે પ્રીયજનને ઘરે જાઓ છો. તમે સવાર–સાંજ ડાઈનીંગ ટેબલ પર ગોઠવાઈને જે વાનગીઓ ખાઓ છો, તેને રાંધવાનું કામ અગ્નીદેવે કર્યું છે. અગ્નીની શોધ ન થઈ હોત તો માનવજાત જંગલી પ્રાણીઓના અને ઠંડીના આકરા તોફાનો સામે ટકી ન હોત. તમે ટ્રેનનું, વીમાની પ્રવાસનું, હૉટેલનું અને ટુરનું બુકીંગ કરાવ્યું, તે ઈન્ટરનેટનો પ્રાણ કમ્પ્યુટર છે. એ નાનકડી પેટી કે સ્માર્ટ ફોનમાં સંતાયેલા આત્માને 'કનેક્ટીવીટી' કહે છે. તમે ક્યારેય પ્રાર્થનામય ચીત્તે અગ્નીનો, ચક્રનો, કમ્પ્યુટરનો આભાર માન્યો ખરો? 'ઈદમ્ અગ્નયે નમઃ'; 'ઈદમ્ ચક્રાય નમઃ'; ઈતીશ્રી કમ્પ્યુટરાય નમઃ'........

વીજ્ઞાનીઓ કહે છે કે આપણું મગજ એક મહાન કમ્પ્યુટર છે. પણ કોઈ કમ્પ્યુટર મગજથી ચડીયાતું નથી. મગજ જેટલું કાર્યક્ષમ

કમ્પ્યુટર બનાવવું હોય તો તેનું કદ પૃથ્વીથી મોટું હોવાનું! અરે, આપણું નાક જે જે કાર્યો કરે છે તે કાર્યો ભાગ્યે જ કોઈ કમ્પ્યુટર કરી શકે. નાક બીચારું પોતાનું કામ એટલી સહજતાથી કરે છે કે એની સુક્ષ્મ કર્મલીલાનો ખ્યાલ એના નગુણા માલીકને નથી આવતો. એ અજ્ઞાની મનુષ્ય પોતાના અહંકારને પંપાળવા કહે છે : 'મારા નાકનો સવાલ છે.' સાચું કહેજો, તમે તમારા નાકને સુપર કમ્પ્યુટર તરીકે જોયું છે? કમ્પ્યુટરને શરણે જવામાં શરીરના બીજા બધાં અવયવો લાઈન લગાવશે; પરન્તુ નાક એ સૌમાં છેલ્લું હશે.

કુતરો પગલાં સુંઘી સુંઘીને પોલીસને છેક ગુનેગાર સુધી લઈ જાય, તે ઘટનામાં રહેલી સુક્ષ્મતમ ઘ્રાણશક્તી આપણને અચંબો પણ ન પમાડે; કારણ કે આપણે સંવેદનશુન્ય થવાની ફેશન કેળવી બેઠા છીએ. કોઈ સુપર કમ્પ્યુટરે એવી રહસ્યમય કામગીરી બજાવી હોત તો! આપણી પ્રાણશક્તીની સૌથી નજીક છે, 'ઘ્રાણશક્તી.' હજી 'સુગંધ' અને 'દુર્ગંધ' વચ્ચેનો ભેદ પારખી શકે એવું યંત્ર શોધાયું હોય એવું જાણ્યું નથી. કોઈ ઘરમાં લાડુ બનતો હોય ત્યારે, શેકાયેલા ગરમ ગરમ લોટમાં ગરમ ગોળ અને ગરમ ઘી ઉમેરાય ત્યારે વછુટતી મનમોહક સોડમ માત્ર બ્રાહ્મણને લલચાવે એવું ખરું? મોંમાં પાણી છુટે તેવી વાનગીને આંખ નીહાળે તે પહેલાં નાક પામી જાય છે.

વીજ્ઞાનીઓ આજકાલ ફીલોસોફીકલ ચર્ચા કરી રહ્યા છે. કોનું મહત્ત્વ વધારે? સાધનો વાપરતો માણસ(tool-using man) કે માણસને વાપરતાં સાધનો (man-using tools)? ડેનીયલ બેલે, ટૅક્નોલૉજીને ‘ઝપાટાબંધ વધતી જતી માનવીય કલ્પનાના વ્યાયામ’ તરીકે પ્રમાણી હતી. ઓગણીસમી સદીમાં અછતમુલક ગરીબી સામેની ઝુંબેશના મસીહા કાર્લ માર્ક્સે ટૅક્નોલૉજીને ‘આદર્શ સમાજવ્યવસ્થા(યુટોપીયા) ભણીના રાજમાર્ગ’ તરીકે પ્રમાણી હતી. આજે પણ ટૅક્નોલૉજી આપણાં શમણાંને પંપાળતી રહે છે. કમર્શીયલ અવકાશયાત્રા થોડાક સમયમાં શમણું મટીને વાસ્તવીક બનવાની છે. થોડાંક વર્ષો પછી અમદાવાદના આશ્રમ રોડ પર, સુરતમાં લાલગેટ પાસે અને મુમ્બઈના ફોર્ટ વીસ્તારમાં ટ્રાવેલ્સ એજન્ટની, દસ બાય બાર ફુટની ઓરડીમાં ચન્દ્રયાત્રાનું બુકીંગ થતું હશે. હા, ચન્દ્રની ધરતી પાસે કદાચ ગંધ હશે; પણ સોડમ નહીં હોય. કારણ શું? ચન્દ્ર પર વરસાદ નહીં હોય. એવું જ મંગળનું! ચન્દ્ર–મંગળ પર વૃક્ષો નથી.

પ્રત્યેક માણસ સુખી થવા ઝંખે છે. આ એક એવી મુળભુત ઝંખના છે, જે મહાત્મા ગાંધીને પણ ગાંઠતી નથી. આ ઝંખના જુદા જુદા દેશોને અને જુદા જુદા ધર્મોને એક તાંતણે બાંધનારી છે. આ ઝંખના માનવીય એકતા માટેની વૈશ્વીક આધારશીલા બની શકે તેમ

છે. વેદમાં આવી સમાન ઝંખના માટે શબ્દ પ્રયોજાયો : ‘આકુતી:’. તત્ત્વજ્ઞાનને નામે કે ધર્મને નામે કે આદર્શને નામે આવી ઈશ્વરદત્ત કે પ્રકૃતીદત્ત ઝંખનાને બદનામ કરશો નહીં. છાંદોગ્ય ઉપનીષદમાં સુખી થવાની ઝંખનાનો આદર ઋષીએ કર્યો છે. આદર્શને નામે સુખી થવાની ઝંખનાનો અનાદર કરવાનું નવી પેઢીને મંજુર નથી. સાંભળો :

*આપણા પગને સ્થાને પૈડાં ગોઠવાઈ ગયાં!*
*આપણા હાથ સ્વીચ દબાવતા થયા!*
*આંપણાં ટેરવાં સ્માર્ટ ફોન પર રમતાં થયાં.*
*આપણી કીડનીની દીશા ડાયાલીસીસ ભણીની!*
*ચક્ષુબૅંક, ત્વચાબૅંક, અને લીવર બૅંક!*
*પ્રજનન અવયવો દુકાનમાં મળે છે!*
*માયાવી વાસ્તવીકતા એટલે* virtual reality.
*પરીણામે તમે માધુરી દીક્ષીત સાથે*
*બેસીને એનું સ્મીત સાચમાચ માણી શકશો.*
*તમારે સુખી જ થવું છે ને? એક કામ કરો :*
*કાયમ અવાસ્તવીકતામાં જીવો. મઝા પડી જશે.*
*જીવન એટલે જ ભ્રમણાની કુલદાની!*

ચેન્નાઈથી ગ્રાન્ટ ટ્રન્ક એક્સપ્રેસમાં દીલ્હી જાવ ત્યારે, નાકલીલાનો અદ્ભુત અનુભવ થશે. કેવળ ગંધ ઉપરથી તમે સ્ટેશનનું નામ કહી શકો. ટ્રન જેવી મદ્રાસ સેન્ટ્રલ પરથી ઉપડે પછી ઉડીપી રેસ્ટોરાંમાંથી પ્રસરતી ઈડલી–સાંભારીયા સોડમની જગ્યાએ કેમીકલ્સની ગંધ શરુ થાય ત્યારે જાણવું કે તમારી ટ્રેન ઔદ્યોગીક ઝોનમાંથી પસાર થઈ રહી છે. રાત પુરી થાય અને આંધ્રપ્રદેશનાં વીશીષ્ટ અથાણાંની વીશીષ્ટ ગંધ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર પ્રસરી જાય છે. મધ્યપ્રદેશમાં ટ્રેન પ્રવેશે અને નાગપુર સ્ટેશન આવે ત્યાં નારંગીની સુગંધ પોતાનો પરચો બતાવે છે. એ સ્ટેશને પુરી–શાક વેચનારા ફેરીયા તમને કેવળ ગંધથી જ પ્રભાવીત કરી મુકે છે. ઉત્તરપ્રદેશ શરુ થાય પછી ઈટારસીના સ્ટેશને ગરમ ગરમ જલેબીની સોડમ તમને લલચાવે છે. પછી મથુરા આવે ત્યારે રેવડી અને પેઠા તમારા નાકને આહ્વાન આપે છે. જ્યારે તમે દીલ્હી સ્ટેશને પહોંચો ત્યારે એક સાવ જ અનોખી ગંધને પારખવામાં તમે નીષ્ફળ જાઓ છો. બહુ લાંબી મથામણ પછી તમને સમજાય છે કે એ ગંધ નોકરશાહી સાથે જોડાયેલા ભ્રષ્ટાચારની છે. માનશો? માણસને ક્યારેક પોતાની સામે ચાલતા ગુપ્ત કાવતરાની ‘ગંધ’ પણ આવી જાય છે. અંગ્રજીમાં માણસ કહે છે : ‘આઈ કેન સ્મેલ ધ રેટ.’

નાક દ્વારા આપણા શ્વાસોચ્છ્વાસ ચાલતા રહે છે. જો વીચારીએ તો આપણને સમજાય છે કે આપણે કોઈ દીવ્ય સ્રોત(source) સાથે સતત જોડાયેલા છીએ. જરુર કોઈ મેઈન સ્વીચ ઓન છે, જેને કારણે ક્યાંક પંખો, ફ્રીઝ, એસી કે હીટર ચાલે છે. માણસ મૃત્યુ પામે ત્યારે લોકો કહે છે : ‘શ્વાસ મુક્યો.’ શ્વાસ ખુટી પડે ત્યારે તાતા, બીરલા, અંબાણી રોકફેલર કે બીલગેટ્સને એક અબજ ડૉલર ખરચતાં પણ એક શ્વાસ ઉછીનો મળતો નથી. નાક દ્વારા આપણા શ્વાસ અને ઉચ્છ્વાસ ચાલતા રહે છે. નાક સાક્ષાત જીવનનું પ્રવેશ દ્વાર છે અને કદાચ એ જ નાક જીવનનું વિદાયદ્વાર પણ છે.

હવે જ્યારે પણ અરીસામાં તમારો ચહેરો જુઓ, ત્યારે એક મીનીટ નાકને નીહાળવામાં ગાળજો. એ નાકની પહોંચ કદાચ પ્રાણાયમ દ્વારા ઈશ્વર સુધી લઈ જાય તેવી છે!

‘ઈતીશ્રી સુપર કમ્પ્યુટરાય નમ:’

*સુખ એ તો*
*જરુરીયાતોની પણ*
*જરુરીયાત છે.*
આર્થર ક્લાર્ક(મહાન વીજ્ઞાની)

–ગુણવન્ત શાહ

લેખકના પ્રસીદ્ધ પુસ્તક ‘ઘટ ઘટમેં પંછી બોલતા’ (પ્રકાશક : આર. આર. શેઠ, મુમ્બઈ (022-2201 3441) અને અમદાવાદ (079-2550 6573) Website : www.rrsheth.com eMail : sales@rrsheth.com ; પૃષ્ઠ સંખ્યા : 280 કીમત : રુપીયા 250; પ્રથમ પ્રકાશન : જાન્યુઆરી 2017માંથી સત્તાવનમો લેખ પાન 253થી 256 ઉપરથી સાભાર... ..ઉત્તમ.મધુ ગજ્જર..


લેખક સમ્પર્ક :

–ગુણવન્ત શાહ

‘ટહુકો’–139–વીનાયક સોસાયટી, જે.પી. રોડ, વડોદરા–390 020

લેખકનો બ્લોગ : https://gunvantshah.wordpress.com/


♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ને આ નવું પુસ્તક તાત્કાલીક મેળવી આપવા બદલ અમેરીકાવાળા પ્રેમભાઈ પટેલનો ને તેટલી જ ત્વરાથી તે મોકલી આપવા બદલ પ્રકાશક આર. આર. શેઠનો ખુબ આભાર. ..ઉત્તમ.મધુ ગજ્જર..

♦●♦


‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષઃ ચૌદમું – અંકઃ 440 -November 24, 2019

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર -

uttamgajjar@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,68,34,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 1,46,22,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com

More than 11,08,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com

More than 10,89,000 have visited Global-Gujaratilexicon http://global.gujaratilexicon.com

# Thanks to Gujarati Lovers


@@@

ગુજરાતી ભાષાની આવી, સર્જાયેલી અને સર્જાતી પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું *નામ, સરનામું, કૉન્ટેક્ટ નંબર, આઈડી..* વગેરે માહીતી મોકલી મને લખજો.. તમને પણ અમારી આ ‘સન્ડે ઈ.મહેફીલ’ દર પંદર દીવસે એક મેલરુપે મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને

–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@@@@@@@




2019-11-24
'**Sunday eMahefil**'-440